GSTIN: 24AAALM0547L1DB
કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ડાંસડી વાડ, જુના બસ સ્ટેન્ડ પાસે, ભાગળ,સુરત-૩૯૫૦૦૩

જા.નં.- ૩૨૬ તા.- ૨૦/૪/૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

શાળા નં. ૧ થી તમામ શાળા તથા

તમામ ખાનગી માન્ય પ્રાથમિક શાળાઓ,સુરત.

**વિષય :- નામ-જાતિ-અટકના સુધારા કરવા બાબત.**

સંદર્ભ :- અત્રેની કચેરીથી રીપોર્ટમાં મહે.અધ્યક્ષશ્રીની મળેલ મંજૂરી અન્વયે....

જત ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાલવાટિકા અને ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓનાં નામ/જાતિ/અટક વગેરેમાં સુધારો કરવામાં માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,સુરત દ્વારા દર વર્ષે કેમ્પનું આયોજન કરે છે. જેમાં સુરત કોર્પોરેશનની તમામ શાળાઓનો સમાવેશ થયેલ છે. હાલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭માં નામ – જાતિ – અટકના સુધારા હવેથી નિરીક્ષકશ્રીની કચેરીએ (ઝોન મુજબની શાળા) તા.૧૫/૦૬/૨૦૨૬ થી તા.૧૫/૦૨/૨૦૨૭ સુધીમાં (જાહેર રજાઓ સિવાય) આપની શાળા કક્ષાની અરજીઓ,ફોર્મ તથા યોગ્ય પુરાવાને આધારે સદર દરખાસ્ત જમા કરાવવાની રહેશે.

ઉક્ત બાબતે આગામી સમયમાં પરિપત્ર દ્વારા ફોર્મ, યોગ્ય પુરાવાની વધુ માહિતીની જાણ કરવામાં આવશે, જેની જાણ વિદ્યાર્થી અને વાલીશ્રીઓને કરવાની રહેશે.

જેમાં તમામ શાળાઓના આચાર્યશ્રીઓએ નીચે મુજબ તૈયારી કરવાની રહેશે.

(1) શાળાના લેટર પેડ આચાર્યશ્રીના સહી –સિક્કા સાથે forwading લેટર.

(2) વિદ્યાર્થી દીઠ અલગ જાવક નં તથા forwading લેટર રજુ કરવાનો રહેશે.

(3) આપેલ ફોર્મ શાળા કક્ષાએથી આચાર્યશ્રીના સહી-સિક્કા સાથે ભરવાનું રહેશે.

(4) અરજી સાથે તમામ પુરાવા અને વયપત્રક સાથે શાળાના આધિકૃત વ્યક્તિએ રૂબરૂમાં જ હાજર રહેવું. વાલીશ્રીઓને નિરીક્ષકશ્રીની કચેરીએ તથા અત્રેની કચેરીએ મોકલવા નહીં.

(5) દરેક પ્રમાણપત્ર ઉપર Truecopy કરાવવાની રહેશે.

ઇ.ચા.શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત

સવિનય નકલ રવાના :- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અઠવાલાઇન્સ, સુરત.
(જાણ તેમજ ખાનગી શાળાઓને જાણ કરવા અર્થે.)

નકલ રવાના :- તમામ નિરીક્ષકશ્રીઓ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત તરફ જાણ તથા અમલ માટે.